Research Review
The Refereed Peer Reviewed
International Journal
ISSN: 2321-4708
Vol. 10, Issue: 126, August, 2023
Paper ID: RRJ0992732
https://www.researchreviewonline.com
Publishing URL: https://www.researchreviewonline.com/issues/volume-10-issue-126-august-2023/RRJ992732

# અમદાવાદના વિકાસમાં લક્ષ્મીચંદ શેઠનું પ્રદાન

સંશોધક
વૈદેહી પંકજ શ્રીમાળી

અમદાવાદના નગરશેઠની પરંપરામાં ખુશાલચંદનું નામ ઉજ્જવળ અક્ષરે અંકિત થયેલ જોવા મળે છે. એટલું જ નહિ પણ 'એક સવાલ ભૂપાલ' એ કથનને સાર્થ કરે એ રીતે તે સમયના શાસકનો સામે કુશળતા, કુશાગ્રતા અને કુબેરપૂર્વક કાર્યો પાર પાડે છે. આ જ કારણે તેઓને ગાયકવાડ અને પેશ્વા સરકાર તરફથી પાલખી અને છત્રથી નવાજવામાં આવ્યા હતા. આ ઉપરાંત તેઓને વર્ષાસન પણ બાંધી આપવામાં આવ્યું હતું.

ઈ.સ. ૧૭૨૫ની આસપાસ ગુજરાતમાં સત્તા હાંસલ કરવામાં બાદશાહ મુહમ્મદશાહે પોતાના વિશ્વાસુ વઝીર નિઝામ ઉલ-મુલ્કને ગુજરાતના વાઈસરોય તરીકે નીમ્યા હતા. પણ તેઓને પોતાના હમીદખાનકાકાને ગુજરાતમાં પોતાના ડેપ્યુટી તરીકે મોકલ્યા. પણ વાઈસરોય તરીકે નિઝામે રાજીનામું આપ્યું. આથી બાદશાહે ગુજરાતના વાઈસરોય તરીકે સરબુલંદખાનને નીમ્યા. સરબુલંદખાને ડેપ્યુટી તરીકે સુજાતખાનને નીમ્યા. હમીદખાનને આ વાત ગમી નહિ તેથી તે ધૂઆપૂંઆ થયો અને તેને તે સમયના મરાઠા નેતા કંથાજી સાથે હાથ મિલાવીને ઈ.સ. ૧૭૨૭માં સુજાતખાનને હરાવ્યો અને મરાવ્યો. જ્યારે હમીદખાનના મરાઠા સાથીદારોએ શહેર લૂંટવાનો પ્રયત્ન કર્યો ત્યારે તે સમયે આ શહેરને લૂંટમાંથી બચાવવા માટે નગરશેઠે ખુશાલચંદે જાનના જોખમે પ્રયત્ન કર્યો અને પોતાના પૈસા વાપરવામાં સહેજ પણ કચાશ રાખી નહિ.

અમદાવાદ શહેરને મરાઠાઓની લૂંટમાંથી બચાવવાનું શ્રેય નગરશેઠ ખુશાલચંદને જાય છે. આથી અમદાવાદ શહેરના ૫૩ જેટલા મહાજન તરફથી નરગશેઠ શ્રી ખુશાલચંદને ઐતિહાસિક દૃષ્ટિએ ખૂબ જ મહત્વનો ગણી શકાય એવો દસ્તાવેજ કરી આપવામાં આવ્યો, જેની વિગત નીચે પ્રમાણે છે :

અમદાવાદ શહેરના મહાજનના ૫૩ જેટલા હિંદુ અને મુસલમાન વેપારીઓની સહીથી વિ.સં. ૧૭૮૧, શક સં. ૧૬૪૬ના આસો સુદ ૧૩ના દિવસે એટલેકે ૮મી ઓકટોબર, ઈ.સ. ૧૭૨૫ના રોજ લખાયેલ આ દસ્તાવેજ નગરશેઠ શ્રી ખુશાલચંદને ઉદ્દેશીને છે. આ દસ્તાવેજમાં ડચ, અંગ્રેજ અને

ફ્રેન્ચ વેપારીઓની સહી નથી. પણ તેઓએ પણ આ દસ્તાવેજની વિગતને સાથ આપ્યો છે તેવા ઉલ્લેખો મળે છે. આ દસ્તાવેજમાં જણાવવામાં આવ્યું છે કે હમીદખાનના સમયમાં મરાઠાઓ જ્યારે અમદાવાદ શહેર લૂંટવા આવ્યા ત્યારે નગરશેઠ ખુશાલચંદે પોતાના પૈસા વાપરીને અને પોતાના જાનના જોખમે અમને અને શહેરને બચાવ્યું છે. તેની કદરરૂપે અમે બધા મહાજનો રાજીખુશીથી નક્કી કરીએ છીએ કે શહેરમાં આવતાં અને જતાં બધા માલસામાન અને રેશમ વગેરેની જકાતની જે આવક થાય તેમાં ૧૦૦ રૂા. આવકે ૪ આના શેઠ ખુશાલચંદ અને તેમના પુત્રો તથા વારસદારોને આપવા. આ દસ્તાવેજ પ્રમાણે નક્કી થયેલ રકમ ઈ.સ. ૧૮૨૦ સુધી તેમના વારસદારોને મળતી હતી. જ્યારે અંગ્રેજોનું શાસન આવ્યું ત્યારે ઈ.સ. ૧૮૨૦માં આ હકને બદલે વાર્ષિક રૂા. ૨૧૩૩ આપવાનું કંપની સરકારે ઠરાવ્યું. ત્યારબાદ એક કલેકટરે આ વર્ષાસન બંધ કરવાનું ઠરાવ્યું ત્યારે નગરશેઠ પ્રેમાભાઈએ વિલાયત સુધી લડીને આ વર્ષાસન ચાલુ કરાવ્યું હતું.

ઈ.સ. ૧૭૨૫ થી ૧૭૩૦ સુધી ગુજરાતના વાઈસરોય તરીકે સરબુલંદખાન રહ્યા. આ સમય દરમ્યાન વાઈસરોય ખુશાલચંદને કોઈક કારણસર જેલમાં પૂર્યા. અને અંતે એક પીઢ ઓફિસર અલીમહંમદ ખાનની સલાહથી રૂા. ૬૦,૦૦૦ અંકે રૂા. સાઈઠ હજારનો દંડ ભરાવીને તેઓને મુક્ત કર્યા. તેઓ અમદાવાદ છોડીને દિલ્હી જતા રહ્યા. ઈ.સ. ૧૭૩૨માં તેઓ બાદશાહના ફરમાન સાથે અમદાવાદમાં પરત આવ્યા. બાદશાહે કરેલ ફરમાનમાં સ્પષ્ટ જણાવવામાં આવ્યું કે અમદાવાદના નગરશેઠ તરીકે શેઠ ખુશાલચંદની નિમણૂંક કર્યાની જાણ કરતા આ ફરમાનમાં શેઠ ખુશાલચંદને માનભેર અમદાવાદ પાછા જવાનું અને લોકોના કલ્યાણ અને સમૃધ્દ્રિ માટે ફરજો બજાવવાનું જણાવાયું છે. ફરમાનની સાથે સાથે તેમને માનનો પોષાક, કાનના એરિંગ્સ વગેરે પણ આપવામાં આવેલ.

નગરશેઠ ખુશાલચંદને બાદશાહના આવા ફરમાન પછી પણ અમદાવાદના ડેપ્યુટી વાઈસરોય રતનસિંગ ભંડારી, વોહરા નેતા અહમદ વગેરેએ તેઓને પજવવામાં અને પરેશાન કરવામાં કશું બાકી રાખ્યું નહિ, એટલું જ નહિ પણ નગરશેઠનો મોભો ન રહેતો તેમજ અવારનવાર તેઓનું માનભંગ થતું. તેઓ સ્વમાની અને ખુમારીવાળા હોવાથી અને તેઓના સાચા મિત્રોની સલાહથી તેઓ અમદાવાદ છોડીને પેથાપુર, વાસણા અને જૂનાગઢ ગયા અને ઈ.સ. ૧૭૩૬માં તેઓ પાછા અમદાવાદ પરત આવ્યાં.

Research Review
The Refereed Peer Reviewed
International Journal
ISSN: 2321-4708
Vol. 10, Issue: 126, August, 2023
Paper ID: RRJ0992732
https://www.researchreviewonline.com
Publishing URL: https://www.researchreviewonline.com/issues/volume-10-issue-126-august-2023/RRJ992732

ઈ.સ. ૧૭૪૩ થી ૧૭૫૮ દરમ્યાન ગુજરાતમાં મોગલ ઉમરાવોની લડાઈમાં મરાઠાઓ ફાવી ગયા. આ સમય ગુજરાત માટે કાળા દિવસોનો હતો. ઈ.સ. ૧૭૪૩ના સમયમાં મરાઠા નેતા રંગોજીએ પૈસા પડાવવા માટે ખુશાલચંદને જેલમાં પૂર્યા પણ તેઓ જેલમાંથી આબાદ રીતે છટકી ગયા. મહારાજા અભેસિંહે રતનસિંહ ભંડારીને અમદાવાદનો વહીવટી સોંપ્યો. ખુશાલચંદને આ રતનસિંહ સાથે મતભેદ પડતા તેઓ અમદાવાદ છોડી ખંભાત ગયા અને ત્યાંથી તેઓ જૂનાગઢ ગયા અને રહ્યા. તેઓ ઈ.સ. ૧૭૪૮માં મૃત્યુ પામ્યા. જાણીતા ઈતિહાસકાર કોમિસેરિર્યટ તેઓની પ્રશંસા કરતાં જણાવે છે કે “ઈ.સ. ૧૭૪૮માં પ્રખ્યાત જૈન અમીર અમદાવાદના આગેવાન હિંદુ નેતા ખુશાલચંદ નગરશેઠ નોંધપાત્ર કારકિર્દી બાદ પોતાના માદરે વતનમાં મૃત્યુ પામ્યા."

આમ, નગરશેઠ ખુશાલચંદનું સમગ્ર જીવન જોતા તેઓ એક નગરશેઠ તરીકે સાર્થક બન્યા છે. રાજસત્તા સાથે પોતાના હિત માટે અને પ્રજાના હિત માટે સતત સંઘર્ષમાં રહેવું એ એમનો જીવન મંત્ર હતો. એટલું જ નહિ પણ સ્વમાનના ભોગે તેઓ કદી ઝૂક્યા નથી. આ એમના જીવનની મહાનતા છે. આવી મહાનતાને ‘મન્થેણ વંદામિ' કહીએ એનાથી બીજું શું રૂડું હોઈ શકે ?

૧૭૨૫માં મરાઠાઓના આક્રમણમાંથી અમદાવાદને ઉગારનાર નગરશેઠ ખુશાલચંદ લક્ષ્મીચંદ (૧૬૭૨-૧૭૪૮) હતા. મરાઠાઓ આ સમૃદ્ધ નગરને લૂંટવા આવ્યા હતા. પણ તેઓ જેવા ભાગોળ સુધી ધસી આવ્યા કે તરત ખુશાલચંદે તેમની સાથે મંત્રણાઓ શરૂ કરી અને પોતાની ગાંઠના લાખો રૂપિયા આપીને ખુશ કર્યા. તેમણે અમદાવાદને મોટી આફતમાંથી ઉગાર્યું. ખુશાલચંદ સુવિખ્યાત નગરશેઠ શાંતિદાસ ઝવેરીના પૌત્ર હતા. સ્વયંસ્ફુરિત પ્રેરણાથી ખુશાલચંદે જે ઉદારતાથી અમદાવાદને બચાવ્યું તેનો જોટો ઇતિહાસમાં શોધવો મુશ્કેલ છે. આ પ્રસંગની પૂર્વભૂમિકા નીચે મુજબ છે. ૧૭૦૭માં ઔરંગઝેબના મૃત્યુ બાદ મુઘલ સામ્રાજ્યનું ઝડપથી વિઘટન થયું. ચોમેર અરાજકતા ફેલાઈ અને તેનો લાભ લેવા સ્થાનિક અને પ્રાદેશિક શાસકો તેમજ લશ્કરી સાહિસકોએ સ્પર્ધા શરૂ કરી. તેની સાથે પ્રજાએ પણ તેનું અસલી કૌવત ગુમાવ્યું. ઔરંગઝેબના મૃત્યુનાં માત્ર છ જ વર્ષમાં, ૧૭૧૩માં અમદાવાદના પ્રતિષ્ઠિત ઝવેરીવાડમાં હિંદુ અને મુસલમાનો વચ્ચે હોળીને પ્રસંગે હુલ્લડ થયું. એક મુસલમાન ઉપર ગુલાલનો રંગ ઊડ્યો. તેણે મુલ્લાઓ અને લોકોને ભેગા કર્યા. જામા મસ્જિદનો ઉપયોગ ઉશ્કેરાટભર્યાં ભાષણો કરવામાં થયો. બસ, કોમી દંગલ શરૂ થઈ ગયું ! “વેપાર◌ોજગાર છો ને જાય ખાડામાં !" પણ ખરું નુકસાન તો ગરીબ હિંદુ

અને મુસલમાનોને થયું. ત્યાર બાદ બકરીઈદને પર્વે ગાય અને બકરીની કુરબાની નિમિત્તે ૧૭૧૬માં ફરીથી કોમી હુલ્લડ ફાટી નીકળ્યું. આજે પણ આવા કોમી દાવાનળોના ભોગ રાજકારણીઓ અને વેપારીઓ નહીં, પણ માંડ રોટલા ભેગા થતા કારીગરો અને મજૂરો જ બને છે. આ બંને પ્રસંગો તેની સાબિતીરૂપ છે.

આવા સંજોગોમાં મરાઠાઓનાં આક્રમણો શરૂ થયાં. પોતાને સાચા હિંદુ કહેવડાવતા પેશ્વાઓ સૌને લૂંટતા. તેમના જોરજુલમોથી વેપારીઓ અને સામાન્ય પ્રજાજનો એવા તો ત્રાહિમામ્ થયા કે નીચેની પંક્તિ લોકજીભે ચડી ગઈ.

હાલતાં દંડે, ચાલતાં દંડે, દડે સારા દિન,
છાતી ઉપર પથ્થર મૂકી પૈસો લેતા છીન.'

અમદાવાદને લૂંટવા ૧૭૨૫માં મરાઠાઓ ભાગોળ સુધી આવી પહોંચ્યા હતા. લોકો જ્યારે ધ્રૂજતા હતા ત્યારે સમયસૂચકતા વાપરીને નગરશેઠ ખુશાલચંદે તેમને અઢી લાખ રૂપિયા 'મુક્તિ દંડ' તરીકે ગણી આપ્યા. નગર બચી ગયું. પણ ખુશાલચંદની આ જાહેર સેવાની કદરરૂપે અમદાવાદના ૫૩ જૈન, હિંદુ અને મુસલમાન વેપારીઓએ તેમના મહાજનો દ્વારા ખુશાલચંદને એક દસ્તાવેજ લખી આપ્યો. નવાઈની વાત એ છે કે તેમાં અંગ્રેજ, ડચ અને ફ્રેન્ચ વેપારીઓનાં નામો પણ છે. ૮ ઑક્ટોબર, ૧૭૨૫ના રોજ તે સમયની ગુજરાતી ભાષામાં ઘડાયેલો આ દસ્તાવેજ અત્યંત મહત્ત્વનો છે, કારણ કે તેના દ્વારા એ ફલિત થાય છે કે જો બધી જ કોમોના વેપારીઓ અને મહાજનો વચ્ચે સંપ હોય તો તેઓ જુલ્મી સરકારો સામે ટક્કર ઝીલી શકે છે. વળી એ વાત પણ ફલિત થાય છે કે જો વગદાર હિંદુ, જૈન અને મુસ્લિમ વેપારીઓ અને મહાજનો ખરેખર ધારે તો કોમી હિંસાને ઊગતી જ ડામી શકે છે. મની પાવર' મોટી ચીજ છે. રાજકારણીઓ, ધર્માંધ હિંદુ અને મુસલમાનો તેમજ પ્રજાજનો ઉપર મહાજનરૂપી સંગઠિત નૈતિક બળ એક મહત્ત્વના પ્રેશર ગ્રૂપ' તરીકે કામ કરી શકે છે. ઉપરોક્ત દસ્તાવેજમાં સહી કરનાર પંદર તો મુસલમાન વેપારીઓ છે. આ સમજવા જેવું છે. ખુશાલચંદે પોતાની ગાંઠના પૈસા ખર્ચીને અમદાવાદને 'ગનીમો'ની લૂંટમાંથી બચાવ્યું. ગનીમ એટલે લૂંટારા. દસ્તાવેજ મુજબ : "અમદાવાદના નગરશેઠ અને મહાજનોના વડીલ ખુશાલચંદ શેઠે પોતાની તિજોરીમાંથી નાણાં આપીને ગનીમોની લૂંટમાંથી આ

Research Review
The Refereed Peer Reviewed
International Journal
ISSN: 2321-4708

Vol. 10, Issue: 126, August, 2023
Paper ID: RRJ0992732
https://www.researchreviewonline.com

Publishing URL: https://www.researchreviewonline.com/issues/volume-10-issue-126-august-2023/RRJ992732

નગરને બચાવ્યું છે. તેની કદરરૂપે અમે સમસ્ત મહાજનો રાજીખુશીથી લખાણ કરી આપીએ છીએ કે શહેરમાં આવતા અને જતા માલસામાનની જે (ઑક્ટ્રૉષ) આવક થાય તેમાં ૧૦ રૂપિયે ચાર આનાનો હિસ્સો ખુશાલચંદ અને તેમના વંશજોને મળ્યા કરે." પરંતુ લાંચિયું રાજ્યતંત્ર તો ચાલુ જ રહ્યું. હૈદરકુલી ખાન હોય કે સરબુલંદ ખાન, મહારાજા અભયસિંહ હોય કે અનુપસિંહ ભંડારી, આ લાંચિયા, બેઠાખાઉ અને વાચાળ રાજકારણીઓ પ્રજાને ફોલી ખાતા હતા. જેની લાઠી તેની ભેંસના વાતાવરણમાં પ્રજા અસલામત હતી. મીરાતે અહમદી'માં (૧૭૬૧) તેની વિગતો આપી છે. પણ કવિ શામળ ભટ્ટે ૧૭૨૫માં રચેલો 'રુસ્તમનો સલોકો. તૌ અદ્‌ભુત છે. તેઓ આ પ્રસંગના સાક્ષી તો હતા જ પણ તેની સાથે સાથે તેઓ એક મહાન પદ્યવાર્તાકાર પણ હતા. તેમની આ કૃતિમાંથી લાંચિયા રાજતંત્ર અને નગરશેઠ ખુશાલચંદ અંગેની વિગતો જીવંત રીતે તરી આવે છે. અત્યંત રસપ્રદ, ઐતિહાસિક અને સમાજશાસ્ત્રીય કૃતિ છે. ૧૭૨૫માં ખુશાલચંદે અમદાવાદને બચાવ્યું, પણ રાજતંત્રનું મૉરલ ફાઇબર' જ એવી અધમ સ્થિતિમાં પહોંચ્યું કે ગુજરાતના સૂબેદાર સબુલંદખાને ૧૭૩૦માં ખુશાલચંદને કેદમાં પૂર્યા. તેમના કાનમાં ફૂંક્યું : “જો જેલમાંથી મુક્તિ જોઈતી હોય તો રૂ. ૬૦,૦૦૦ની ખંડણી ભરી દો.” લાચારીથી નગરશેઠે આ રકમ સરબુલંદને ચરણે ધરી. બળજબરીથી ખંડણી ભરીને તેઓ આઝાદ થયા.

નગરશેઠ માટે આ પરિસ્થિતિ જીરવવી અસહ્ય હતી. તેથી તેઓ અમદાવાદ અને ગુજરાતના લાંચિયા અને જુલ્મી તંત્ર સામે ફરિયાદ કરવા દિલ્હી ગયા. મુઘલ શહેનશાહ મુહમ્મદશાહની સત્તા ભલે મર્યાદિત હોય. આમ છતાં પ્રાદેશિક રાજાઓ અને લશ્કરી વડા તેમના વિજયોને શાહી ફરમાનો દ્વારા વિધિબદ્ધ કરવા મુઘલ બાદશાહો પાસે જતા. આવાં કારણસર ખુશાલચંદ મુહમ્મદશાહને મળ્યા અને કહ્યું : “મારા દાદા શાંતિદાસ ઝવેરીએ તથા પિતા લક્ષ્મીચંદે રાજ્ય અને પ્રજા એમ બંનેની સેવા કરી છે અને હું તમારી સમક્ષ ફરિયાદ લઈને આવ્યો છું."

અમદાવાદ અને ગુજરાતની પરિસ્થિતિથી ખુશાલચંદે તેમને વાકેફ કર્યા. બાદશાહ ઉપર તેની અસર થઇ. તેણે સરબુલંદખાનને પદભ્રષ્ટ કરાવ્યો. અત્રે યાદ રહે કે અગાઉ ૧૬૪૪માં શાંતિદાસ ઝવેરીએ ધર્માંધ ઔરંગઝેબને ગુજરાતના ગવર્નરપદેથી ડિસમિસ કરાવ્યો હતો. તેનો અર્થ એ થયો કે કલુષિત રાજકીય પરિસ્થિતિની વચ્ચે પણ લોકપરંપરામાંથી પાંગરેલી નગરશેઠ સંસ્થા ટકી શકી

હતી. માત્ર મત મેળવવા, તો રાજકારણીઓ પણ લોકમત કેળવે છે. બાકીના મોટા મોટા નેતાઓ કટોકટીને પ્રસંગે જ ઊંઘમાંથી જાગે છે. પછી તો ખૂબ બોલે છે. ખુશાલચંદ લગભગ બે વર્ષ દિલ્હી રહીને ૧૭૩૨માં અમદાવાદ પાછા ફર્યાં, વિદાય વેળાએ મુહમ્મદશાહે તેમને દરબાર સમક્ષ માનભેર રીતે વસ્ત્રો એનાયત કર્યાં અને જાહેરમાં ફરમાન આપ્યું. ફરમાન મુજબ : “હું મુઘલ શહેનશાહ મુહમ્મદશાહ ગાઝી આ ફરમાન દ્વારા ખુશાલચંદ લક્ષ્મીચંદની વિધિવત્ નિમણૂક અમદાવાદના નગરશેઠ તરીકે કરું છું. તેઓ નગરશેઠ તરીકે પ્રજાનું કલ્યાણ કરે અને નગરમાં સુલેહશાંતિ જાળવવાનો પ્રયાસ કરે.” પણ જ્યાં સમગ્ર રાજકીય સત્તાનો માહોલ જ ખવાઈ ગયો હોય ત્યાં નગરશેઠ પણ શું કરી શકે ?! ખુશાલચંદનો અવાજ સાંભળવા કોઈ પણ તૈયાર હતું નહીં. ઊલટાનું ચોર કોટવાલને દંડે' એ ન્યાયે રંગોજી નામના મરાઠાએ પૈસાની લાલચે તેમને ૧૭૪૩માં કેદમાં પૂર્યા. ખુશાલચંદ જ્યારે કેદમાંથી છૂટ્યા ત્યારે તેમની સ્થિતિ પાંખો વગરના પક્ષી જેવી હતી, ૧૭૪૮માં ભગ્નહૃદયી નગરશેઠ મૃત્યુ પામ્યા. ખુશાલચંદ ભાવિ પેઢીઓ માટે નિઃસ્વાર્થ સેવાનો વારસો મૂકતા ગયા હતા. જોકે તેમના સમયના અમદાવાદના મહાજનો પણ તેટલા જ યશને પાત્ર છે. ખુશાલચંદની સરખામણીમાં વેપારીઓ અને મહાજનોનું મૂલ્ય ઓછું આંકી ના શકાય. પ્રસ્તુત લેખ દ્વારા સૌથી હલકા તો ધન અને સત્તા-ભૂખ્યા, પણ અત્યંત વાચાળ એવા રાજકારણીઓ સ્પષ્ટ રીતે ઊભરી આવે છે. રાજકારણીની જબાન મધ જેવી મીઠી હોય છે. પણ તેના મનોરાજ્ય અને મનોવ્યાપારને હજુ સુધી કોઈ પણ સમજી શક્યું નથી. જોકે તેમના વગર તો જીવન જીવવું પણ અશક્ય છે. ગાંધી અને સરદાર પટેલે ઘડેલા ગુજરાતની આ સૌથી મોટી કરુણતા છે.